ભ્રષ્ટાચારનો ગરમાવો કે કુદરતી પ્રકોપ?

વડોદરામાં પીગળતા રસ્તા, માણેજા સુશેન રોડ પર ડામર ઓગળતા વાહનચાલકો મુસીબતમાં મુકાયા

નવા બનેલા રોડ પર ડામર પીગળતા રાહદારીઓના પગરખાં ચોંટી ગયા, અકસ્માતનો ભય

(પ્રતિનિધિ) વડોદરા. તા.14

શહેરમાં ઉનાળાના પ્રારંભે જ સૂર્યદેવતા આકરા પાણીએ થયા છે, ત્યારે વડોદરાના દક્ષિણ વિસ્તારમાં આવેલા માણેજાથી સુસેન તરફ જતા મુખ્ય માર્ગ પર એક અજીબોગરીબ અને જોખમી સ્થિતિ સર્જાઈ છે. આ માર્ગ પર ડામર પીગળીને રસ્તા પર પથરાઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. રસ્તાની આ હાલત જોઈને સ્થાનિકોમાં એક જ ચર્ચા જાગી છે: આ ગરમીનો પ્રકોપ છે કે હલકી

ગુણવત્તાના કામનો નમૂનો ?

છેલ્લા બે દિવસથી માણેજા-સુસેન રોડ પર ડામર પીગળીને પ્રવાહી જેવો બની ગયો છે. ખાસ કરીને બપોરના સમયે જ્યારે તાપમાન ઊંચું જાય છે, ત્યારે રસ્તા પર ડામરની ચીકણી પરત જામી જાય છે. આને કારણે, રસ્તો ઓળંગતા લોકોના ચપ્પલ અને પગરખાં ડામરમાં ચોંટી રહ્યા છે. ટુ-વ્હીલરના ટાયર લપસવાને કારણે અકસ્માતની સંભાવના વધી ગઈ છે. ડામર ઉખડીને ટાયર પર ચોંટતો હોવાથી વાહનોની ગતિ ધીમી પડી ગઈ છે, જેનાથી પીક અવર્સમાં ટ્રાફિકની સમસ્યા સર્જાય છે.

સામાન્ય રીતે, જો ડામરમાં 'સોફ્ટનિંગ પોઈન્ટ' જળવાયો ન હોય અથવા જરૂર કરતા વધારે ઓઈલનું પ્રમાણ હોય, તો તે ગરમીમાં પીગળવા લાગે છે. માણેજા-સુસેન રોડ પર જે રીતે ડામર ઉપર આવી રહ્યો છે, તે સીધો નિર્દેશ કરે છે કે કાં તો મટીરિયલ હલકી ગુણવત્તાનું છે અથવા તો ટેકનિકલ માપદંડોનું પાલન કરવામાં આવ્યું નથી.

હાલ તો આ માર્ગ પરથી પસાર થવું એ જીવના જોખમ સમાન બની ગયું છે. વડોદરા મહાનગરપાલિકા અને માર્ગ-મકાન વિભાગ આ મામલે તાત્કાલિક તપાસ કરે, ડામર પર ધૂળ કે રેતી નાખીને તેને સુરક્ષિત બનાવે અને જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં ભરે તેવી લોકમાંગ ઉઠી છે.

14 એપ્રિલ ફાયર સર્વિસ ડે નિમિતે અમર શહિદોને શ્રધ્ધાંજલિ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

14 એપ્રિલ 1944ના રોજ મુંબઈના વિક્ટોરીયા ડોકયાર્ડમાં થયેલી ભીષણ આગમાં બચાવ કામગીરી દરમ્યાન મુંબઈ ફાયર બ્રિગેડના 66 કર્મચારીઓ શહીદ થયા હતા. તેમની યાદમાં દર વર્ષે 14 એપ્રિલે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે.

વડોદરા મહાનગરપાલિકાના અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ વિભાગ દ્વારા ટી.પી. 13 છાણી ફાયર સ્ટેશન ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ તથા અદ્યતન સાધનોના નિર્દશનનો કાર્યક્રમ યોજાયો હતો. મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુએ વીર શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી અને ફાયર જવાનોની પરેડનું નિરીક્ષણ કર્યું. પ્રસંગે ફાયરસૈનિકો દ્વારા માર્ચ પાસ યોજાઈ, જેમાં આધુનિક ફાયર ટ્રકો અને ફાયર રોબોટ્સ જોડાયા.

કમિશનરે ફાયર વિભાગના તમામ અધિકારીઓ અને જવાનોને ફાયર ડેની શુભેચ્છા પાઠવી અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

કોંગ્રેસના બે ઉમેદવારોએ પેનલ તોડી, બળવો કરનાર હરીશ પટેલ સાથે પ્રચાર શરૂ કર્યો

ટિકિટ કપાતા નારાજ થયેલા પૂર્વ કોર્પોરેટરનો પક્ષના જ ઉમેદવારો પર કબજો? હાઈકમાન્ડમાં દોડધામ

જીપમાં 'સાથ-સાથ' અને ખુલાસામાં 'લૂલો બચાવ'!

વડોદરાના વોર્ડ નં. 1 માં કોંગ્રેસના બે ઉમેદવારો પુષ્પાબેન વાઘેલા અને ઝા ભરવાડના પત્ની, પક્ષ સામે બળવો કરનાર અપક્ષ ઉમેદવાર હરીશ પટેલની જીપમાં સવાર થતાં જ રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. આ 'જુગલબંધી'નો વીડિયો વાયરલ થતાં પુષ્પાબેને બચાવમાં જણાવ્યું કે, "બાબા સાહેબ આંબેડકરની જયંતીની રેલીમાં સૌને આમંત્રણ હતું, અને અન્ય બે સાથી ઉમેદવારો કલેક્ટર કચેરીએ હોવાથી અમે રેલીમાં જોડાયા હતા." જોકે, વિરોધી છાવણીમાં ચર્ચા છે કે આ કોઈ સંયોગ નથી પણ પેનલ તૂટવાના સંકેત છે. એક તરફ શિસ્તની વાતો અને બીજી તરફ વિરોધી સાથેની આ 'સવારી' મતદારોમાં અનેક તર્ક-વિતર્ક સર્જી રહી છે.

(પ્રતિનિધિ) વડોદરા તા.14

રાજકોટ, સુરત અને અમદાવાદ બાદ હવે વડોદરા કોંગ્રેસમાં પણ તોડજોડની રાજનીતિ અને આંતરિક જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચાર પ્રસાર વચ્ચે વોર્ડ નંબર 1 માં કોંગ્રેસની પેનલમાં મોટું ગાબડું પડ્યું છે. કોંગ્રેસના બે સત્તાવાર ઉમેદવારો પક્ષની પેનલના અન્ય સાથીઓને છોડીને પક્ષ સામે બળવો કરનાર અપક્ષ ઉમેદવાર સાથે પ્રચાર કરતા જોવા મળતા રાજકીય આલમમાં હળકંપ મચી ગયો છે.

મળતી વિગતો અનુસાર, વોર્ડ નંબર 1 માં ગત ટર્મમાં કોંગ્રેસની આખી પેનલ વિજયી બની હતી, પરંતુ આ વખતે નવા સીમાંકન અને રોસ્ટરના કારણે સમીકરણો બદલાયા છે. પૂર્વ કોર્પોરેટર હરીશ પટેલની ટિકિટ કપાતા તેમણે પક્ષ સામે બળવો કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. આશ્ચર્યની વાત એ છે કે, કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર પુષ્પાબેન વાઘેલા અને જહા દેસાઈ ના પત્ની કોંગ્રેસની પેનલના અન્ય સભ્યો અમીબેન રાવત અને ડો. નિકુલ પટેલને પડતા મૂકીને હરીશ પટેલ સાથે એક જ ગાડીમાં પ્રચાર કરતા નજરે પડ્યા હતા.

આ ઘટનાને પગલે કોંગ્રેસમાં ફફડાટ વ્યાપી ગયો છે. પક્ષને ડર સતાવી રહ્યો છે કે ભાજપના દબાણ અથવા આંતરિક ખેંચતાણને કારણે તેમના ઉમેદવારો તૂટી શકે છે. વોર્ડ નંબર 1 જે કોંગ્રેસનો ગઢ ગણાતો હતો, ત્યાં જ પેનલ વિખેરાઈ જતાં આગામી ચૂંટણીના પરિણામો પર તેની ગંભીર અસરો પડવાની શક્યતા છે. અમીબેન રાવત જેવા દિગ્ગજ નેતા અત્યારે પોતાની જ પેનલમાં એકલા પડ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. હવે જોવાનું એ રહે છે કે મતદારો આ તૂટેલી પેનલ પર વિશ્વાસ મૂકે છે કે પછી આંતરિક કલહનો ફાયદો અન્ય પક્ષને મળે છે.

છાણી કુંભારવાડામાં સમૂહ નવચંડી યજ્ઞનું ભવ્ય ધાર્મિક આયોજન, 15 દંપતીએ પૂજા અર્ચનાનો લાભ લીધો

વડોદરા શહેરના છાણી કુંભારવાડા વિસ્તારમાં પવિત્ર ચૈત્ર માસ નિમિત્તે સમસ્ત પ્રજાપતિ સમાજ છાણી દ્વારા ભવ્ય સમૂહ નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં કુલ 15 દંપતીઓએ વિધિવત રીતે પૂજા અર્ચનાનો લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન પ્રજાપતિ સમાજના અગ્રણીઓ તથા સમાજના સ્નેહીજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કુળદેવી માતાજીની મહાઆરતી સાથે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. યજ્ઞ પૂર્ણાહુતિ બાદ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમાજના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પરિવર્તન સ્કૂલમાં 145 મનોદિવ્યાંગ બાળકોની સેવા

કેન્સર નિષ્ણાત ડૉ. રક્ષિત શાહે 11 બાળકોની આજીવન જવાબદારી સ્વીકારી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

જનસેવા એ જ પ્રભુસેવાના ઉમદા આશય સાથે શહેરના મહાવીર હોલ ચાર રસ્તા વિસ્તારમાં આવેલી આસ્થા ફાઉન્ડેશન દ્વારા સંચાલિત પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશ્યલી એબલ્ડ શાળામાં હાલમાં ૧૪૫ જેટલા મનોદિવ્યાંગ બાળકોની સેવા અને સંભાળ લેવામાં આવી રહી છે. આ બાળકોના ઉત્કર્ષ માટે કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રેરાઈ કેન્સર નિષ્ણાત ડૉ. રક્ષિત શાહે ૧૧ મનોદિવ્યાંગ બાળકોની આજીવન જવાબદારી સ્વીકારી છે.

આ અંગે માહિતી આપતા શાળાના પ્રમુખ રેણુકાબેન પંચાલ અને ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન રાઠવાએ જણાવ્યું હતું કે છેલ્લા ૧૬ વર્ષથી આસ્થા ફાઉન્ડેશન સંચાલિત પરિવર્તન શાળા મનોદિવ્યાંગ બાળકોના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે. બાળકોમાં રહેલી સર્જનાત્મક પ્રતિભા બહાર લાવવા માટે તેમને મોઝેક કળા,

શુભેચ્છા કાર્ડ બનાવવાની કળા તેમજ દીવા બનાવવાની તાલીમ આપવામાં આવે છે, જેથી તેઓ આત્મનિર્ભર બની શકે. આ ઉપરાંત સંસ્થાના ઘરઆધારિત કાર્યક્રમ હેઠળ હાલમાં ૪૫ મનોદિવ્યાંગ બાળકોને તેમના નિવાસસ્થાને જઈને શૈક્ષણિક તાલીમ આપવામાં આવે છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૧૦થી સંસ્થાના ૨૪ તાલીમબદ્ધ શિક્ષકો દ્વારા મનોદિવ્યાંગ બાળકોની સંભાળ અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે, જે સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ છે.

આજે ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ : ચિત્ર સપષ્ટ થઈ જશે

બોડેલી નગરપાલિકામાં પ્રથમ ઈલેક્શનમાં જ ભાજપની 4 સીટ બિનહરીફ થવાની સંભાવના

83 ઉમેદવારી ફોર્મ રજૂ કરાયા હતા જે પૈકી 10 ફોર્મ રદ થયા છે , 73 ઉમેદવારો મેદાનમાં

(પ્રતિનિધિ) બોડેલી,તા.14

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી ખાતે નવનિર્માણ થયેલ નગરપાલિકામાં હાલ ચૂંટણીને લઇ અનેક તર્ક વિતર્ક સામે આવી છે જ્યારે આ ચૂંટણીમાં 83 ઉમેદવારી ફોર્મ રજૂ કરવામાં આવ્યા હતા જે પૈકી 10 ફોર્મ રદ થયા છે , 73 ઉમેદવારો મેદાનમાં છે

બોડેલી નગરપાલિકાની 28 બેઠક પર 73 ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ થશે, જ્યારે બોડેલી નગરપાલિકા વોર્ડ નંબર 2 માં ગંગાબેન રાઠવા બિનહરીફ થયા હોવાની સંભાવનાઓ છે એવું જાણવા મળ્યું છે, વોર્ડ નંબર પાંચ માં મૈત્રી શાહ બિનહરીફ થયા હોવાની સંભાવનાઓ છે, અને રાધિકા મોરે પણ વોર્ડ નંબર પાંચમાં બિન હરીફ થાય એવી સંભાવનાઓ છે અને વોર્ડ નંબર સાતમાં સલમાબાનુ મન્સૂરી બિનહરિફ થાય એવી સંભાવનાઓ જોવા મળી રહી છે આમ આ ચાર લોકો બિનહરીફ થવાની પૂરેપૂરી સંભાવનાઓ જોવા મળી રહી છે

પરંતુ સ્પષ્ટ ચિત્ર 15 એપ્રિલે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે સામે આવશે.

દંતેશ્વર રોડ પર હેવન સ્પામાં AHTUની રેડ, યુવતીઓ ઝડપાઈ

વેરીફિકેશન વગર યુવતીઓ સ્પામાં કામ કરતી હતી

માલિક વિરુદ્ધ પોલીસ કમિશનરના જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરમાં સ્પા અને મસાજ પાર્લરના આડમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પોલીસ સક્રિય બની છે. દંતેશ્વર રોડ પર આવેલા હેવન સ્પામાં AHTU ટીમે દરોડો પાડી પોલીસ વેરીફિકેશન વગર કામ કરતી પરપ્રાંતીય યુવતીઓ ઝડપી પાડી હતી. પોલીસે સ્પાના માલિક વિરુદ્ધ પોલીસ કમિશનરના જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો છે.

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં રમી રહ્યા છે ત્યારે આ સેન્ટરોમાં કામ કરતી યુવતીઓનું પોલીસ સ્ટેશનમાં વેરીફિકેશન કરાવવું ફરજિયાત છે. પરંતુ ઘણા સ્પાના સંચાલકો દ્વારા વેરિફિકેશન કરાવ્યા વિનાજ કામ પર રાખી લેવામાં આવતી હોય છે. આ યુવતીઓ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવતી હોય છે. ત્યારે

AHTU ટીમ દ્વારા 14 એપ્રિલના રોજ મકરપુરા વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન AHTU ટીમને બાતમી મળી હતી કે દંતેશ્વર રોડ પર આવેલા સિદ્ધાર્થ મંગલમ કોમ્પ્લેક્ષમાં હેવન સ્પામા પરપ્રાંતીય યુવતીઓ પોલીસ વેરીફિકેશન વગર કામ કરી રહી છે. બાતમીના આધારે એએચટીયુ દ્વારા સ્થળ પર દરોડો પાડતા યુવતીઓ મસાજનું કામ કરતી હાલતમાં મળી આવી હતી.

સ્પાના માલિક જયદીપ બીપીન પટેલ (રહે. મોલેથા ગામ, તા. શિનોર, જી. નર્મદા) દ્વારા પોલીસને જાણ કર્યા વગર યુવતીઓ રાખવામાં આવી હતી. આ મામલે મકરપુરા પોલીસ સ્ટેશનમાં પાના સંચાલક વિરુદ્ધ પોલીસ કમિશનરના જાહેરનામા ભંગનો ગુનો નોંધાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જેલ રોડ પર ટ્રાફિક સિગ્નલ પાસે ડમ્પરે બસને અડફેટે લીધી

(પ્રતિનિધિ) વડોદરા. તા.14

વડોદરાના જેલ રોડ પર ગત રાત્રીના સમયે એક અકસ્માત સર્જાયો હતો. ટ્રાફિક સિગ્નલ પર ઊભેલી GSRTC ની બસને પાછળથી આવતા એક ડમ્પરે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બસના પાછળના ભાગનો કુરચો બોલી ગયો હતો, જોકે સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, GSRTC ની બસ GJ 18 ZT 2882 જેલ રોડ પર આવેલા ટ્રાફિક સિગ્નલ લાલ થતા ઊભી હતી. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલા ડમ્પર GJ 06 ZZ 7959 ના ચાલકે બસને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બસમાં બેઠેલા મુસાફરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને જોરદાર અવાજ સાથે થયેલા અકસ્માતને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા. પ્રાથમિક તપાસ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ડમ્પરની બ્રેક સમયસર ન વાગવાને કારણે ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો.

કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયો છું ત્યારથી મારી સાથે આ રીતના વર્તન કરાય છે : અક્ષય સુથાર

ભાજપના કાર્યકરને પાર્ટીના જ કરસન રબારીએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ

ભાજપના કાર્યકરે કરસન રબારી વિરુદ્ધ બાપોદ પોલીસ સ્ટેશન અને પોલીસ કમિશનરને રજૂઆત કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને હાલમાં પાર્ટીઓ દ્વારા પૂરજોશમાં કામગીરી કરાઈ રહી છે. ત્યારે ભારતીય જનતા પાર્ટી ના જ બે કાર્યકર અક્ષય સુધાર અને કરશન રબારી વચ્ચે નારાજગીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

વાઘોડિયા રોડ વિસ્તારમાં રહેતા ભાજપના કાર્યકર અક્ષય દિનેશભાઈ સુથારે બાપોદ પોલીસ સ્ટેશનમાં અરજી આપી પાર્ટીના જ કરસન રબારી સામે ગાળો તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ કર્યો છે. જેને લઈને

વડોદરાના રાજકારણમાં ગરમાવો સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકરે કરસન રબારી વિરુદ્ધ બાપોદ પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશનરને રજૂઆત કરી કાર્યવાહી કરવા માંગ કરી છે.

વાઘોડિયા રોડ પર રહેતા અક્ષય દિનેશભાઈ હાલમાં ભારતીય જનતા પાર્ટીના મહાનગરપાલિકા વોર્ડ નંબર ૫ના સંગઠનમાં ઉપપ્રમુખ તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે, તેમણે અરજીમાં જણાવ્યું છે કે તા. 14-04-2000ના રોજ તેમને ભાજપના જ કરસન રબારી દ્વારા ફોન પર અપશબ્દો બોલી ધમકી આપવામાં આવી હતી.

તેમણે વધુમાં આક્ષેપ કર્યો છે કે તેઓ કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા હોવાથી પાર્ટીના જ કેટલાક લોકો દ્વારા વારંવાર "કોંગ્રેસમાંથી આવ્યો છે" કહી અપમાનિત કરવામાં આવે છે. અક્ષયભાઈએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે ઘણા કોર્પોરેટર અને ધારાસભ્યો પણ કોંગ્રેસમાંથી ભાજપમાં આવ્યા છે, તો પછી માત્ર તેમને જ ટાર્ગેટ કરી ધમકી કેમ આપવામાં આવે છે ?

આ મામલે તેમણે પોલીસ કમિશનરને પણ લેખિત રજૂઆત કરી છે અને ધમકી આપનારા કરસન રબારી સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ તેમણે પોતાની સુરક્ષા અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે.

નડિયાદમાં સીએનજી બાઈકમાં અચાનક આગ : જાનહાનિ ટળી

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

નડિયાદના ન્યુ યોર્ક ગ્રાઉન્ડની બાજુમાં આવેલ ભોજ તલાવડી પાસે પસાર થઈ રહેલી સીએનજી બાઈકમાં એકાએક આગ લાગી ગઈ હતી. બાઈકમાંથી ધુમાડા અને આગની જ્વાળાઓ નીકળતા જ આસપાસના લોકોમાં ભયનો માહોલ ફેલાયો અને નાસભાગ મચી ગઈ હતી.

આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકોએ તાત્કાલિક 112 હેલ્પલાઇન પર કોલ કર્યો હતો. 112ની ટીમે તરત જ નડિયાદ ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયરની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ સમયસર પહોંચીને આગ પર કાબુ મેળવી લીધો હતો, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

હાલ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.સીએનજી કિટમાં લીકેજ કે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાની શક્યતા સેવાઈ રહી છે, પરંતુ તપાસ બાદ જ સાચું કારણ બહાર આવશે.

મિલકતના ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે **વડોદરા ડીસ્ટ્રીક્ટ,** સબ ડીસ્ટ્રીક્ટ:- **વડોદરા** ના મોજે ગામ:- **ફાજલપુર (અણખી)**નાં **બ્લોક નં: ૨૪૧** જેનો **City Survey No.NA241 Paikee Middle Portion** કે જેનું ક્ષેત્રફળ **9708.30 Sq.mtrs (104500.00 Sq.fts)** થી નોંધાયેલ ઓધોગીક હેતુ માટેની બીનખેતી વાળી જમીનની હાલની માલિકી **M/S.STARFLEX BELLOWS PRIVATE LIMITED** ની ચાલી આવેલ છે. સદરહુ જમીન-મિલ્કતના માલિક પાસેથી અગાઉના **અસલ રજીસ્ટર્ડ વેચાણ સાટાખત નં.૨૮૮૩ તા.૧૩-૦૩-૨૦૧૨ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ તથા અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૪૪૫ તા.૦૪-૦૩-૨૦૧૩(જુનો નં:૧૪૩ તા.૧૧-૧૦-૨૦૧૨) તથા વેચાણ દસ્તાવેજ નં.૩૫૧૬ તા.૨૨-૦૯-૨૦૦૯ તેની ફક્ત અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી હમો કનેથી સદરહુ મિલ્કતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલ્કત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત, કોઈ કોલ-કરાર, દરદાવો, હકક, હીત, હીસ્સો, દાવાદુવી કે અન્ય કોઈપણ પ્રકારનું હકક-હીત-હિસ્સો કે તર-તકરાર અથવા કોઈ નાણાંકીય સંસ્થાનો ચાર્જ યાને બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન-૧૫**માં લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામાં ઉપર જાણ કરવી મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહીં તો સદરહુ મિલ્કતનું હમો એડવોકેટસ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહીં અને સદરહુ મિલ્કત ઉપર અમારા અસીલનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી. **તારીખ: ૧૫-૦૪-૨૦૨૬**

સુજીત બી.રામોલીયા - એડવોકેટ
ઓફીસ નંબર: ૪૦૧૩,સેન્ટ્રલ બાઝાર,
વરાછા પોલિસ સ્ટેશનની સામે,વરાછા,સુરત મો.: ૯૮૨૪૭-૨૧૦૦૨

લાલુ સિંધી સહિત 10 આરોપીઓ પોલીસ પકડથી દુર

રૂ.43 લાખના દારૂના ગુનામાં કુખ્યાત બુટલેગર સુનિલ ઉર્ફે અદો ઝડપાયો

રઢીયાપુરા ગામે એસએમસીએ પાડેલા દરોડામાં દરોડામા મનોજ પાપડ સહિત છ આરોપીઓની ધરપકડ કરાઈ હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

સ્ટેટ મોનિટરીંગ સેલે નંદેસરી પોલીસ સ્ટેશન હદમાં રઢીયાપુરા ગામે રેડ કરીને કરોડો રૂપિયાના દારૂ ના જથ્થા સાથે 6 આરોપીની ધરપકડ કરાઈ હતી. ત્યારે આ ગુનામાં વોન્ટેડ લાલુ સિંધી ગેંગના આરોપી સુનિલ ઉર્ફે અદાને ઝડપી પાડવામાં આવ્યો છે.

નંદેસરી પોલીસ સ્ટેશનની હદમાં

ગત 29 માર્ચ, 2026ના રોજ રઢીયાપુરા ગામે સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે દરોડો પાડી રૂ. 43 લાખથી વધુનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહીમાં શહેરના લિસ્ટેડ બુટલેગર મનોજ ઉર્ફે પાપડ સહિત 6 આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને દારૂ સહિત રૂ. 1.40 કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં દારૂના ગેરકાયદે ધંધાનું મોટું નેટવર્ક બહાર આવ્યું હતું, જેમાં લાલુ સિંધી, સુનિલ ઉર્ફે અદો અને કાલુ ટોપી સહિત 11 આરોપીઓના નામ ખુલતા તમામને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

આ નેટવર્કમાં સુનિલ ઉર્ફે અદો અને લાલુ સિંધી મુખ્ય સૂત્રધાર માનાતા હોવાથી SMCએ તેમની શોધખોળ શરૂ કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ સુનિલ ઉર્ફે અદો ફરાર થઈને ગુડગાંવમાં સંતાયેલો હોવાની બાતમી મળતા ટીમ ત્યાં પહોંચી ગઈ હતી અને સિક્રેટ મિશન હાથ ધરીને વોચ ગોઠવી ટેકનિકલ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ઓપરેશન પાર પાડી તેને ઝડપી પાડ્યો છે.

એસએમસીના સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ સુનિલ પકડાયો છે.પોલીસે તેને અમદાવાદ લાવી આગળની કાનૂની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે.

અંકોડિયા કેનાલમાંથી બીજા યુવકનો પણ મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.14

ગોરવા રોડ પર આવેલી સોસાયટીમાં રહેતો 17 વર્ષીય કિશોરનો મૃતદેહ અંકોડિયા કેનાલમાંથી મળી આવ્યો હતો. રવિવારે કિશોર તેના સાથી કર્મચારી સાથે કેનાલમાં ન્હાવા માટે પડ્યો હતો. આ દરમિયાન કેનાલમાં ડૂબી ગયો હતો. ફાયરબ્રિગેડના જવાનોએ સર્ચ કરી કિશોરના મૃતદેહને બહાર કાઢ્યો હતો. જ્યારે અન્ય યુવકની ભાળ મળી ન હતી. દરમિયાન મંગળવારે બીજા યુવક મૂળ રહે રાજપીપળા હાલ રહે,ગોરવાનો ઉ.વ.32 વિશ્વાસ વસાવાનો મૃતદેહ મળી આવ્યો હતો. જેને પીએમ માટે ગોત્રી જીએમઈઆરએસ હોસ્પિટલ ખાતે ખસેડી પોલીસે આગળની કાર્યવાહી હાથધરી હતી.

યૂકો બૈંક (भारत सरकार का उपक्रम) सम्मान आपके विश्वास का **UCO BANK** (A Govt. Of India Undertaking) HONOURS YOUR TRUST

પઝેશન નોટીસ
પરિશિષ્ટ - ૪ (નિયમ ૮(૧)) (સ્થાવર મિલકત માટે)

યુકો બેંક, બીલ શાખા, વડોદરા

આથી નીચે સહી કરનાર **યુકો બેંક, બીલ શાખા, વડોદરા** ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સહિત વંચાતી કલમ ૧૩(૧૨), ૧૩(૨) અંતર્ગત મળેલ સત્તાની રૂએ તા. **૨૦/૦૯/૨૦૨૫** ના રોજ ઉધારકર્તા **શ્રીમતી જ્યોતિ અશ્વિનભાઈ રાવ અને શ્રી અશ્વિનભાઈ રાવ** ને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાના ૬૦ દિવસોની અંદર **રૂા. ૧૯,૩૮,૭૭૨.૨૯ (રૂા. ઓગણીસ લાખ આડતાલીસ હજાર સાતસો બોતેર અને ઓગણત્રીસ પૈસા પુરા)** તા. ૩૦.૦૮.૨૦૨૫ ના સુધી (તા. ૨૯.૦૬.૨૦૨૫ ના સુધી વ્યાજ સહિત) વત્તા વ્યાજ સાથે ચુકવવા જણાવેલ.

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૧.૦૪.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક, બીલ શાખા, વડોદરા** ની રકમ **રૂા. ૧૯,૩૮,૭૭૨.૨૯ (રૂા. ઓગણીસ લાખ આડતાલીસ હજાર સાતસો બોતેર અને ઓગણત્રીસ પૈસા પુરા)**, તા. ૩૦.૦૮.૨૦૨૫ ના સુધી (તા. ૨૯.૦૬.૨૦૨૫ ના સુધી વ્યાજ સહિત) વગેરે સાથેના બોજાને સહિત રહેશે. (કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં પેટા કલમ (૮) તથા કલમ ૧૩ સરફેસી એક્ટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

જ્યોતિ અશ્વિનરાવ અને અશ્વિન રાવ ના નામની તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફલેટ નં. ઈ-૩૦૩, ટાવર - ઈ, ત્રીજો માળ, આર્ય એલીગેન્સ, બીલ, વડોદરા - ૩૯૧૪૧૦, કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૫૨.૩૯ સ્કે.મી., બાલ્કની ૨.૯૪ સ્કે.મી. અને વોસ એરીયાનું ક્ષેત્રફળ ૨.૨૩ સ્કે.મી., વાઈડ સેલ ડીડ નં. ૨૨૯૦૪, તારીખ : ૨૦.૧૨.૨૦૨૧. **ચતુઃસીમા : ● પૂર્વે :** જગ્યા અને લીફટ, ફલેટ નં. ૩૦૨, **● ઉત્તરે :** ઓટીએસ અને ફલેટ નં. ઈ/૩૦૪, **● પશ્ચિમે :** આંતરીક રોડ અને ટાવર - એફ, **● દક્ષિણે :** ખુલ્લી જગ્યા.

તારીખ : ૧૧.૦૪.૨૦૨૬, સ્થળ : વડોદરા **સહી/-, અધિકૃત અધિકારી, યુકો બેંક**

યૂકો બૈંક (भारत सरकार का उपक्रम) सम्मान आपके विश्वास का **UCO BANK** (A Govt. Of India Undertaking) HONOURS YOUR TRUST

પઝેશન નોટીસ
પરિશિષ્ટ - ૪ (નિયમ ૮(૧)) (સ્થાવર મિલકત માટે)

યુકો બેંક, બીલ શાખા, વડોદરા

આથી નીચે સહી કરનાર **યુકો બેંક, બીલ શાખા, વડોદરા** ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સહિત વંચાતી કલમ ૧૩(૧૨), ૧૩(૨) અંતર્ગત મળેલ સત્તાની રૂએ તા. **૧૭/૦૫/૨૦૨૪** ના રોજ ઉધારકર્તા **સોલંકી દિવ્યેશકુમાર, ઉર્મિલાબેન ઘનશ્યામભાઈ સોલંકી અને સોલંકી પ્રિતીબેન (જામીનદાર)** ને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાના ૬૦ દિવસોની અંદર **રૂા. ૧૩,૬૮,૪૧૮.૮૪ (રૂા. તેર લાખ અડસઠ હજાર ચારસો અઢાર અને ચોર્યાસી પુરા)** તા. ૧૭.૦૫.૨૦૨૪ ના સુધી (તા. ૩૧.૦૧.૨૦૨૪ ના સુધી વ્યાજ સહિત) વત્તા વ્યાજ સાથે ચુકવવા જણાવેલ.

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૦.૦૪.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક, બીલ શાખા, વડોદરા** ની રકમ **રૂા. ૧૩,૬૮,૪૧૮.૮૪ (રૂા. તેર લાખ અડસઠ હજાર ચારસો અઢાર અને ચોર્યાસી પુરા)**, તા. ૧૭.૦૫.૨૦૨૪ ના સુધી (તા. ૩૧.૦૧.૨૦૨૪ ના સુધી વ્યાજ સહિત) વગેરે સાથેના બોજાને સહિત રહેશે. (કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં પેટા કલમ (૮) તથા કલમ ૧૩ સરફેસી એક્ટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

દિવ્યેશ કુમાર સોલંકી ના નામનો તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફલેટ નં. જે-૩૦૪, વિરામ સિલ્વર, સમીયાળા, વડોદરા, સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૭૩૬ સ્કે.મી., બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૫૩૫ સ્કે. ફીટ. અને અવિભાજીત હકક અને હિસ્સા સાથેની કોમન જમીનનું ક્ષેત્રફળ ૪૫૯.૭૯ સ્કે. ફીટ., વાઈડ સેલ ડીડ નં. ૧૧૭૫૧, તારીખ : ૧૩.૧૦.૨૦૨૦. **ચતુઃસીમા : ● પૂર્વે :** ફલેટ નં. જે-૩૦૩, **● ઉત્તરે :** ફલેટ નં. જે-૩૦૧, **● પશ્ચિમે :** ટાવર - કે, **● દક્ષિણે :** ટાવર - એલ. **સહી/-,**

તારીખ : ૧૦.૦૪.૨૦૨૬, સ્થળ : વડોદરા **અધિકૃત અધિકારી, યુકો બેંક**